૧૧૩

અનુ.જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા
વિધાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન
આપવા બાબત..

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારી (આ.વિ.)વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : પીએમએસ/૧૦૯૯/ન.બા.૪૫/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૩૦/૦૫/૨૦૦૭

<u>વંચાણે લીધા :-</u>

૧. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૭/૧૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ
૨. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૨૩/૭/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૨૦૦૧/૫૦૯/ગ
૩. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૬/૨/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ
૪. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૩/૧૦/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ

<u>પ્રસ્તાવના :-</u>

આમુખમાં જણાવેલ આ વિભાગના વંચાણ ક્રમાંક (૧) તા:૧૭/૧૧/૨૦૦૦ (૨) તા:૨૩ / ૭/૨૦૦૧ના ઠરાવ અન્વયે અનુ. જનજાતિના તેજસ્વી વિધાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા અંગેની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે તથા યોજના માં વંચાણ ક્રમાંક-(૩) અને (૪) ના સુધારા ઠરાવ બહાર પાડેલ છે -ઉકત યોજનામાં અમલમાં કેટલીક જોગવાઇઓમાં ફેરફાર કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ યોજનામાં નીચે મુજબ સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે

<u>સુધારા ઠરાવ :-</u>

આમુખમાં જણાવેલ આ વિભાગના તા: ૧૭/૧૧/૨૦૦૦ના ઠરાવની શરતોમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. શરત નં(૩)માં દરવર્ષે અનુ. જનજાતિના ૪૦ વિધાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

તેમજ શરત ન(૧૨) માં વંચાણ ક્રમાંક( ) ના તા:૬/૨/૨૦૦૧ના ઠરાવમાં કરેલ સુધારામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. " આ યોજનાના વિદેશમાં અભ્યાસ માટે ખરેખર થવાપાત્ર થયેલ ખર્ચ અથવા રૂા.૧૦.૦૦ લાખ આ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની લોન વાર્ષિક ૪(ચાર) ના વ્યાજના દરે આપવામાં આવશે.

આ સુધારો ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૮/૫/૦૭ નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મા. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (રા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત અમદાવાદ/ રાજકોટ
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન,ગાંધીનગર.
- ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી ગાંધીનગર
  સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(આ.વિ )
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ,(આ.વિ )
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઈલ,